# Std 11 Gujarati Textbook Solutions Chapter 24 કેટલી જમીન જોઈએ?

## સ્વાધ્યાય

### 1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. પાહોમે શો નિસાસો નાખ્યો?**

ઉત્તર:

પાહોમે નિસાસો નાખ્યો: 'ભગવાન મારું તો કંઈ જીવન છે. બસ, દરરોજ સવારથી સાંજ સુધી જમીન ખેડ્યા કરવાની ! મારી પાસે માલિકીની થોડી જમીન હોય તો કેવું સારું !

**પ્રશ્ન 2. પાહોમ મજૂર મટીને ખેડૂત શી રીતે થયો?**

ઉત્તર:

પાહોમે એના જમીનદાર પાસેથી પાંચ એકર જમીન ખરીદી, તેથી એ મજૂર મટીને ખેડૂત થયો.

**પ્રશ્ન 3. પાહોમ વૉલ્ગાના કિનારે શા માટે ગયો?**

ઉત્તર:

વોલ્ગા નદીના કિનારાની જમીન ફળદ્રુપ હતી; એમાં ઓછી મહેનતે, અને ઓછા ખાતરે બહુ સારો પાક થતો, વળી એ જમીનની કિંમત નહિ જેવી હતી તેથી પાહોમ વોલ્ગાના કિનારે ગયો.

**પ્રશ્ન 4. જમીનદાર થવાની લ્હાયમાં પાહોમ શું ભૂલી ગયો?**

ઉત્તર:

જમીનદાર થવાની લાયમાં, સાચું સુખ સંતોષમાં છે, એ વાત પહોમ ભૂલી ગયો.

**પ્રશ્ન 5. નાયકે પાહમ આગળ કઈ શરત મૂકી?**

ઉત્તર:

નાયકે પાહીમ આગળ શરત મૂકી : "જે સ્થળેથી તમે ચાલવા માંડો તે જ સ્થળે સાંજે પાછા પહોંચી જવું જોઈએ. આ શરતનું પાલન ન થાય તો તમારા રૂબલ જાય."

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**2. નીચેના દરેક પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ખેતમજૂરી તરીકે પાહોમનું જીવન કેવું હતું?**

ઉત્તરઃ

પાહોમ અને એની પત્ની ખેતમજૂરી તરીકે મજૂરી કરતાં. તેઓ ખાતાં, પીતાં અને લહેરથી રહેતાં. તેઓ ચિંતામુક્ત-મોજીલું જીવન જીવતાં.

**પ્રશ્ન 2. જમીનદાર બન્યા છતાં એને સંતોષ કેમ ન થયો?**

ઉત્તરઃ

એક વાર એક મુસાફર પાહોમને ત્યાં પાણી પીવા આવ્યો. એની સાથેની વાતચીત પરથી પાહોમને જાણવા મળ્યું કે બશ્મીર લોકો પાસે એટલી બધી જમીન છે કે નાની એવી ભેટથી પણ તેઓ ખુશ થઈને પાણીના મૂલે જમીનને વેચી દે છે. તેથી પાહોમને આ જમીન ખરીદવાની ઇચ્છા થઈ.

**પ્રશ્ન 3. પાઠના આધારે બશ્મીર લોકો વિશે ટૂંકી નોંધ લખો.**

ઉત્તરઃ

બશ્મીર લોકો સ્ટેપીઝ પ્રદેશમાં રહેતા હતા. સ્વભાવે તેઓ બહુ સરળ હતા. એમની પાસે એટલી બધી જમીન હતી કે નાની એવી ભેટથી પણ ખુશ થઈને તેઓ પાણીના મૂલે જમીનને વેચતા. તેઓ ભારે મોજીલા હતા.

**પ્રશ્ન 4. સ્ટેપીઝ પ્રદેશમાં પાહોમને કઈ શરતે જમીન મળતી હતી?**

ઉત્તર :

સ્ટેપીઝ પ્રદેશમાં પાહોમને દિવસના હજાર રૂબલની શરતે જમીન મળતી હતી. જે સ્થળેથી તમે ચાલવા માંડો તે જ સ્થળે સાંજે પાછા પહોંચી જવું જોઈએ.” આ શરતનું પાલન ન થાય તો તમારા રૂબલ જાય.

**પ્રશ્ન 5. શક્ય એટલી વધુ જમીન મેળવવા પાહોમે કેવો પુરુષાર્થ કર્યો?**

ઉત્તર :

શક્ય એટલી વધુ જમીન મેળવવા પાહમ આગળ ને આગળ ચાલતો રહ્યો. શ્વાસોચ્છવાસ વધી ગયો, તરસથી એનું મોં સુકાવા લાગ્યું, પણ તે પૂરી તાકાતથી દોડ્યો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :

**“માથાથી પગ સુધી લંબાઈની માત્ર છ ફૂટ જમીનની જ એને જરૂર હતી!” આ વાક્ય સમજાવો.**

ઉત્તર:

પાહોમ ખેતમજૂર હતો. પતિપત્ની બંને મજૂરી કરતાં, ખાતાં, પીતાં અને લહેરથી રહેતાં. એક વાર એને જમીનદાર બનવાનો મનમાં વિચાર આવ્યો. પાહોમે જમીન ખરીદી. હવે એ મજૂર મટીને ખેડૂત બની ગયો. ધીમે ધીમે એણે પોતાનું મકાન બનાવ્યું, સારી ઘરવખરી વસાવી.

એને સંતોષ ન થયો. “વોલ્ગા નદીના કિનારે ફળદ્રુપ જમીન છે અને ઓછી મહેનતે સારો પાક થાય છે, એવી જાણ થતાં તે કુટુંબ સાથે ત્યાં ઉપડ્યો. ત્યાં એ એક શ્રીમંત ખેડૂત બની ગયો.

બશ્કીર લોકો મફતના ભાવે જમીન આપે છે, તેની જાણ થતાં તે એક હજાર રૂબલ લઈને એના નોકર સાથે ત્યાં પહોંચ્યો. એની ભેટસોગાદથી નાયક ખુશ થયો અને ‘દિવસના હજાર રૂબલ’ના ભાવે તેને જમીન આપી.

આ જમીન મેળવવા પાહોમ ચાલવા લાગ્યો. તે ખૂબ આગળ નીકળી ગયો. સૂર્યાસ્ત પહેલાં એને મૂળ સ્થાને પાછા આવવાનું હતું. તે ખૂબ થાકી ગયો હતો, તેનાથી દોડાતું નહોતું, છતાં તે દોડ્યો. આખરે એ પડી ગયો, પરંતુ એનો હાથ સીધો ટોપી પર પડ્યો. એના મોંમાંથી લોહી વહેવા લાગ્યું. એના શરીરમાં ચેતન ન હતું.

નોકરે કબર ખોદી. એને એમાં સુવાડી દેવામાં આવ્યો. માથાથી પગ સુધીની લંબાઈની માત્ર છ ફૂટ જમીનની જ એને જરૂર હતી !

અતિ લોભનું પરિણામ પાહોમે ભોગવ્યું. સાચું સુખ સંતોષમાં છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in